NAVSARI AGRICULTURAL UNIVERSITY

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦**

# –:: પરિપત્ર ::–

**વિષયઃ– પગાર સ્લીપ મેળવવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા યુનિવર્સિટીની વેબસાઈટમાં **Single-Sign-On (SSO)** ઉપર **Employee Info Panel** માં આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા વર્ગ–૧ થી ૪ સુધીના તમામ કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓની ***પગાર સ્લીપની સવલત*** ઉભી કરવામાં આવેલ છે, જેથી હવે પછી દરેક અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ પોતાની જે તે માસની પગાર સ્લીપ **Single-Sign-On (SSO)** માંથી પોતાના લોગઈન ID દ્વારા લોગઈન કરીને મેળવી લેવાની રહેશે. જે કર્મચારી/અધિકારીશ્રીઓએ SSO માં લોગઈન ID મેળવેલ નથી, તેવા તમામ કર્મચારી/અધિકારીશ્રીઓએ જે તે કચેરી મારફત નિયામકશ્રી, આઈ.ટી. પાસેથી SSO ના લોગઈન ID મેળવી લેવાના રહેશે.

આમ, ઉપર મુજબ જરૂરી સુવિધા ઉપલબ્ધ કરેલ હોય, હવે પછી પગાર સ્લીપની હાર્ડ કોપી જે તે કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓને અલગથી આપવાની રહેતી નથી. જેથી બિનજરૂરી સ્ટેશનરી ખર્ચ નિવારી શકાય.

**સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે.**

જા.નં.નકૃયુ/હિનિ/વહટ/૨૦૯-૨૧૦/૨૦૨૧
નવસારી, તા.૦૬/૦૧/૨૦૨૧

**હિસાબ નિયામક**

**નકલ જય ભારત સાથ રવાના:–**

(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારુ.
(૨) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ કરવા સારુ.